# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# HAR GHAR TIRANGA - DISTIRCT

રાજ્યભરમાં હર ઘર તિરંગા અભિયાનમાં મોટી સંખ્યામાં બાળકો, યુવાનો, મહિલાઓ જોડાઇ રહ્યાં છે. આ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના બાળકો 'હર ઘર તિરંગા અભિયાન' માં જોડાયા હતા.

'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત ડાંગ જિલ્લાની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જેમાં આહવા તાલુકાની જાખાના પ્રાથમિક શાળામાં રંગોળી સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, દેશભક્તિ ગીત સ્પર્ધાઓમાં હોંશભેર ભાગ લઇ આદિવાસી બાળકો દેશ પ્રત્યે સમર્પણભાવનાની જ્યોતને વધુ પ્રજ્વલિત કરી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના વેરાબરની શાળા ખાતે હર ઘર તિરંગા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. "હર ઘર તિરંગા "થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહેસાણા જીલ્લામાં પણ હર ઘર તિરંગા અભિયાનમાં શાળાના વિદ્યાર્થીઓ, બાળકો અને યુવાનો જોડાઇ રહ્યાં છે.. જીલ્લાના 10 તાલુકાઓ માં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લાની વિવિધ શાળાઓમાં નિબંધ સ્પર્ધા, રંગોળી, ચિત્ર સ્પર્ધાઓ અને વકૃતવ સ્પર્ધાઓમાં વિધાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ ને દેશ ભકિત ના રંગે રગાઈ રહ્યા છે. જિલ્લા ની 1920 આંગણવાડી કેન્દ્રોમાં પણ વિવિધ કાર્યક્રમો જેવાકે રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાઓ તેમજ તિરંગા સાથે રેલીઓ પણ વિવિધ વિસ્તારોમાં યોજી રહ્યાં છે. મહેસાણા શહેરમાં પણ વાહનોમાં તેમજ દુકાનોમાં પણ તિરંગા જોવા મળી રહ્યા છે.

કચ્છમાં પણ વિશાળ તિરંગા યાત્રા યોજાઇ હતી.. હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત ભુજ જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતેથી ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા યાત્રાનો સાંસદ વિનોદ ચાવડાએ લીલીઝંડી આપીને પ્રારંભ કરાવ્યો હતો. આ રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોક નૃત્ય કલાકારો, અન્ય કલાકારો, પોલીસ બેન્ડ, રમતવીરો, નામાંકિત વ્યકિતઓ, સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

છોટાઉદેપુર જિલ્લાની સરકારી શાળાઓમાં રંગબેરંગી રંગોળીથી "હર ઘર તિરંગા" અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. સરકારી શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઇ રહી છે, જે અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની સરકારી શાળાઓના બાળકો દ્વારા રંગબેરંગી રંગોળી બનાવીને હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. બાળકો દ્વારા રંગબેરંગી કલર ઉપરાંત વનસ્પતિના પાનનો ઉપયોગ કરીને સુંદર રંગોળીઓ બનાવવામાં આવી છે.

જામનગરમાં પણ તિરંગા યાત્રા યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

------------------------------

## STATE RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે 6 વાગ્યાથી બપોરે 12 વાગ્યા દરમિયાન રાજ્યના 69 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. સત્તાવાર યાદી પ્રમાણે, સૌથી વધારે એક ઈંચ વરસાદ ગાંધીનગરના દહેગામ તાલુકામાં વરસાદ વરસ્યો છે. આ સિવાયના તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે.

દાહોદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રેમશંકર કડિયા જણાવે છે કે, ઝાલોદ તાલુકાનો માછણનાળા ડેમ 100 ટકા ભરાતા ભાનપુર, ચિત્રોડિયા, ધાવડીયા, મહુડી, માંડલીખુટા, મુનખોસલા અને થેરકા એમ સાત ગામને સાવચેત કરાયા છે. જિલ્લા કલેક્ટર અને આપત્તિ શાખા મામલતદારે ડેમ અને કાંઠા વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે.

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, નર્મદા નદીમાં 1 લાખ 35 હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી 25 ગામના લોકોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે. ઓમકારેશ્વર બંધમાંથી છોડાતા પાણી અને સતત વરસાદના કારણે સરદાર સરોવર બંધની સપાટી વધી રહી છે. એટલે સવારે 6 વાગ્યે આ મોસમમાં પહેલી વાર પાંચ દરવાજા ખોલાયા હતા. ત્યારબાદ સવારે 9 વાગ્યે અન્ય ચાર દરવાજા ખોલાતા બંધના કુલ નવ દરવાજા દોઢ મીટર ખોલવામાં આવ્યા છે.

ઇન્ચાર્જ કલેકટર મમતા હિરપરાએ જણાવ્યું કે, વડોદરા જિલ્લામાં નર્મદા નદી કિનારાના શિનોર, ડભોઈ અને કરજણ તાલુકાના કુલ 25 ગામમાં તકેદારી અને સાવચેતીના પગલાં લેવાયા છે.

ડભોઇ તાલુકાના ચાંદોદ, કરનાળી અને નંદેરિયા, શિનોર તાલુકાના અંબાલી, બરકાલ, દિવેર, માલસર, દરિયાપુરા, મોલેથા, ઝાંઝડ, કંજેઠા, શિનોર, માંડવા, સુરાશામળ તથા કરજણ તાલુકાના પુરા, આલમપુરા, રાજલી, લીલાઈપુરા, નાની કોરલ, મોટી કોરલ, જૂના સાયર, સાગરોલ, ઑઝ, સોમજ, દેલવાડા, અરજપુરા ગામને અગમચેતીના પગલાં લેવા માટે સૂચના અપાઈ છે. તેમ જ આપત્તિના સમયે 1077 નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

તાપી જિલ્લાના અમાર પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, ઉકાઈ ડેમમાં 60 હજાર 517 ક્યૂસેક પાણીની આવક થતાં 6 દરવાજા ચાર ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. ઉકાઈ ડેમ માંથી કુલ 60 હજાર 483 ક્યુસેક પાણી છોડવામાં આવતા તાપી નદીની આસપાસ ના ગામોને એલર્ટ કરાયા છે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લામાં ગત મોડી રાતથી મોડાસા સહિતના વિવિધ વિસ્તારમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે, જે હજી પણ યથાવત્ છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં પડેલા વરસાદના પગલે સાબરમતી નદીમાં પાણીની આવક વધી છે. આવક વધવાના પગલે અમદાવાદના વાસણા બેરેજના ત્રણ દરવાજા હાલ પૂરતા ખોલવામાં આવ્યાં છે.. વાસણા બેરેજમાંથી હાલમાં 2 હજાર 970 ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.જેના પગલે નદીના હેઠવાસ વિસ્તારમાં આવતા ગામોમાં સાવચેતી જાહેર કરાઇ છે. સાબરમતી નદીના નીચાણવાળા વિસ્તારમાં આવતાં વિવિધ ગોમોને સાવચેત રહેવા જણાવાયું છે..

------------------

# MAHISAGAR HATHIDANT

વાઇલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરોને માહિતી મળી હતી કે મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે હાથીના દાંતની તસ્કરી થઈ રહી છે.. આ માહિતીના આધારે મહીસાગર વન વિભાગની ટીમને સાથે રાખીને વાઇલ્ડ લાઇફ ક્રાઈમ કંટ્રોલ દ્વારા એક આરોપીના ઘરે શોધખોળ કરવામાં આવી હતી. જેથી આરોપીની પત્ની પાસેથી હાંથીના દાતનાં ૪ ટુકડા મળી આવ્યા હતા, જેથી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમ 1972 હેઠળ ચાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હોવાની માહિતી બાલાસિનોરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર જૂહી ચૌધરીએ આપી હતી.

(બાઈટ :- જુહી ચોધરી (આરએફઓ બાલાસિનોર)

----------------